# સ્પષ્ટીકરણ કૌશલ્ય

સ્પષ્ટીકરણ નો અર્થ

સ્પષ્ટીકરણ કૌશલ્યનો અર્થ

સ્પષ્ટીકરણ કૌશલ્યનું મહત્વ

સ્પષ્ટીકરણ કૌશલ્યનાં ઇચ્છનીય વર્તનો

સ્પષ્ટીકરણ કૌશલ્યનાં અનિચ્છનીય વર્તનો

ડૉ કિરણબેન જે પટેલ
અધ્યાપક **sug B.ed** કોલેજ
વાસણા,અમદાવાદ

# સ્પષ્ટીકરણ નો અર્થ

- સામાન્ય રીતે શિક્ષક ખ્યાલ , ઘટના , સંકલ્પનાનું કેમ, શા માટે કે 'શું ' કેવી રીતે વિષે સમજાવવા જે પ્રયત્ન કરે છે તેને સ્પષ્ટીકરણ કહેવામા આવે છે

- 1 ઊંટને રણનું જહાજ કેમ કહેવામા આવે છે ?
- 2 બરફ પાણીમાં કેમ તરે છે ?
- 3 અનુકૂલન એટ્લે શું ?

- ટૂંકમાં ,સ્પષ્ટીકરણ એટલે નવી ઘટનાને પૂર્વાનુભવ સાથે સાકળી નવી ઘટના અંગે ખૂટતી કડીઓ જોડવી તે .

# સ્પષ્ટીકરણ કૌશલ્યનો અર્થ

- સ્પષ્ટીકરણ એ વિદ્યાર્થી મનમાં કોઈ સંકલ્પના,સિદ્ધાંત,ઘટના વગેરે અંગે સમજ પેદા કરવાની પ્રક્રિયા છે .
- વસ્તુ , ઘટના  કે કાર્ય વચ્ચે નિયમો કે તર્ક દ્વારા સબંધ જોડવાની પ્રક્રિયા ને સ્પષ્ટીકરણ કહેવાય .
- કાર્યને આમ કોઈ ખ્યાલ , ઘટના કે કાર્યને અનુલક્ષીને શિક્ષકે રજૂ કરેલા સંકલિત આંતરસબંધિત વિધાનો કે જેના દ્વારા વિદ્યાથીઓમાં ખ્યાલ ,કાર્ય ,અંગે સ્પષ્ટ સમજ વિકસાવી શકાય તેને  શિક્ષણનું સ્પષ્ટીકરણ કૌશલ્ય કહેવામા આવે છે
- સ્પષ્ટીકરણ માટે થતાં વિધાનો તર્કયુક્ત અને અધૂરી સમજ અંગેનું આંતર ઘટાડે તેવા હોવા જોઈએ
- આ કૌશલ્યમાં વિદ્યાર્થીઓની  સમજને ચકાસવા કેટલાક પ્રશ્નરૂપ વિધાનો પણ કરવામાં આવે છે .

# સ્પષ્ટીકરણ કૌશલ્યનું મહત્વ

- સ્પષ્ટીકરણ કૌશલ્ય નો ઉપયોગ કરવાથી ઘટના,વિચાર કે ખ્યાલ ને અનુલક્ષીને આંતરસબંધિત વિધાનો રજૂ કરી શકાય
- પૂર્વાનુભવ અને નવી ઘટના વચ્ચે અનુસંધાન કરી શકાય .
- ઘટના,વિચાર કે ખ્યાલ ને સરળ બનાવવા સ્પષ્ટતા કરી શકાય
- વિદ્યાર્થીઓ સમક્ષ તાર્કિક ક્રમમાં રજૂઆત કરી શકાય તેમની તર્ક શક્તિનો વિકાસ કરી શકાય .
- સ્પષ્ટતા કરતાં કેટલાક શબ્દોનો ઉપયોગ કરી તેમની સમજ ને વિકસાવી શકાય.

# સ્પષ્ટીકરણ કૌશલ્યના ઘટકો

## ઇચ્છનીય વર્તનો

1 પ્રસ્તાવનારૂપ વિધાનોની રજૂઆત

2 સમજ વિકસાવતા કડીરૂપ શબ્દસમૂહોનો ઉપયોગ

3 ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગ

4 વિદ્યાર્થીઓની સમજની ચકાસણી કરવી

## અનિચ્છનીય વર્તનો

1 અસંબંધિત વિધાનો કરવા

2 વિચારો કે માહિતીની રજૂઆત કરવામાં સાતત્ય ન જાળવવું

3 અયોગ્ય શબ્દોનો ઉપયોગ કરવો

4 ભાષાની પ્રવાહિતાનો ઉપયોગ

5 બિનજરૂરી શબ્દો કે વિધાનોનો ઉપયોગ

# ઇચ્છનીય વર્તનો

## 1 પ્રસ્તાવનારૂપ વિધાનોની રજૂઆત

- સામાન્યરીતે સ્પષ્ટીકરણ કરતાં અગાઉ આ પ્રકારના વિધાનો સાંભળનારના મનને સ્થિર કરવા કે કેન્દ્રિત કરવા માટે વપરાય છે
- આવા વિધાનોની રજૂઆત કરતી વખતે પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓના ધોરણે,ઉમર,કક્ષા ધ્યાનમાં રાખવામાં આવે છે
- દા.ત. આજે આપણે આબોહવા વિશે શીખીશું અથવા નિદર્શન કરીને પણ વિધાન પૂછી શકાય , જેમકે
- દા.ત. આ ચિત્રમાં શું દેખાય છે.

# 2 સમજ વિકસાવતા કડીરૂપ શબ્દસમૂહોનો ઉપયોગ

- પ્રસ્તાવનારૂપ વિધાનને સ્પષ્ટ કરવા અને વિધાનોનું જોડાણ કરવા કેટલાક કડીરૂપ શબ્દોનો શિક્ષક ઉપયોગ કરે છે.

- સામાન્ય રીતે નીચે દર્શાવેલ સમજ વિકસાવતા કડીરૂપ શબ્દોનો ઉપયોગ કરી બે વિધાનો જોડવામાં આવે છે જેથી વિદ્યાર્થિની સમજ વિકસે છે અને તે બાબતનું સ્પષ્ટીકરણ થાય છે.

- **સમજ વિકસાવતા કડીરૂપ શબ્દસમૂહો**
- જેવા કે : તેથી ,કારણકે ,પરિણામે ,આમ, જેવી ,આરીતે,શામાટે ,પરંતુ ,પછી ,ત્યારબાદ વગેરે
- ભૂરું લિટમસ લાલ થાય છે માટે આપેલું પ્રવાહી એસિડ છે.
- વાતાવરણ ભેજથી સંતૃપ્ત થવાને પરિણામે શિયાળામાં ઝાકળ પડે છે

# 3. ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગ

- સ્પષ્ટીકરણ પ્રક્રિયા દરમિયાન જે બાબતો સ્પષ્ટ કરવામાં આવી હોય તેમને મગજમાં એકત્ર કરવા ,સુદ્રઢ  કરવા માટે આ પ્રકારના ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગ કરવામાં આવે છે

- દા.ત. તમે જોયું કે ગોળો ઠંડો હતો ત્યારે ગરમી આપવાથી .... થયો છે . તેથી તે કડીમાથી પસાર થતો નથી .
 આના પરથી કહીશકાય કે ગરમી આપવાથી પદાર્થ નું કદ વધે છે અને ઠંડીથી  પદાર્થ સંકોચાય છે .  અને કારણે રેલ્વે ના પાટા વચ્ચે જગ્યા રાખવામાં  આવે છે .

# વિદ્યાર્થીના સમજની ચકાસણી કરવી

- શિક્ષકે કોઈ ખ્યાલ ,બનાવ કે વિચાર અંગે સમજ વિકસાવવા કરેલ પ્રયાસ દ્વારા અપેક્ષિત પરિણામ આવ્યું કે નહીં તેની ચકાસણી કરવી જોઈએ .
- આ માટે શિક્ષકે બે કે ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ
- આ પ્રશ્નો વિદ્યાર્થીઓની સમજ ને તાર્કિક રીતે ચકાસતા પ્રશ્નો હોય છે .
- તેથી કેમ આમ થયું ? શા માટે , શાથી એવા પ્રશ્નો પૂછવા જોઈએ .
- આવા પ્રશ્નો સમાન્યત: માહિતી પ્રધાન હોવા જોઈએ

# અનિચ્છનીય વર્તનો

- સ્પષ્ટીકરણ કરવામાં અવરોધક નીવડે કે ગેરસમજ પેદા કરે તેવા વર્તનોનો ઉપયોગ શિક્ષકોએ કરવો જોઈએ નહીં . આવા વર્તનો આ મુજબ છે .

- **1 અસંબંધિત વિધાનો કરવા**
- જે વિધાનો ખ્યાલ કે ઘટના સંબંધી ગૂંચવાડો પેદા કરે તેવા વિધાનો અસબંધિત વિધાનો કહેવાય છે .  આવા વિધાનો વિદ્યાર્થીઓનું ધ્યાન વિચલિત કરે છે અને તેમને આડે પાટે ચડાવી દે છે તેથી શિક્ષકે આવા વિધાનો કરવા જોઈએ નહીં

# 2 વિચારો કે માહિતીની રજૂઆત કરવામાં સાતત્ય ન જાળવવું

- યોગ્ય  ક્રમમાં કે ક્રમિક રીતે વિચારો ની રજૂઆત થતી નથી અને સાતત્યભંગ કહી છીએ  જેમકે ,
- જ્યારે નવા વિધાનો તાર્કિક રીતે ન જોડાયેલ હોય......
- જ્યારે સ્થળ કે સમયનું સાતત્ય જળવાય નહીં ત્યારે ....
- વિધાનો અસંબધિત રીતે રજૂ થતાં હોય ત્યારે .....

# ૩ અયોગ્ય શબ્દોનો ઉપયોગ કરવો

- વિદ્યાર્થીનો સમક્ષ તેમની વય-જ્ઞાન કે કક્ષા જાણ્યા સિવાય અજાણ શબ્દો નો ઉપયોગ વિધાનો રજૂ કરતી વખતે શિક્ષકે ન કરવો જોઈએ
- આ નિર્ણય કરતી વખતે  અનાત્મલક્ષિતા મહત્વનો ભાગ ભજવે છે .

# ભાષાની પ્રવાહિતાનો ઉપયોગ

- જયારે શિક્ષક અધૂરા વાકયોનો ઉપયોગ કરે અથવા અડધેથી વાક્ય રચનામાં ફેરફાર કરે ત્યારે ભાષામાં પ્રવાહિતાનો ભંગ થાય છે .
- આને ભાષાની પ્રવાહિતાનો અભાવ કહેવામા આવે છે .
- આને લીધે વિદ્યાર્થીનું ધ્યાન બીજે દોરાય છે . અને સમજવામાં અવરોધક નીવડે છે .

# બિનજરૂરી શબ્દો કે વિધાનોનો ઉપયોગ

- શિક્ષક કેટલીવાર બિનજરૂરી શબ્દો ઉપયોગ કરે છે .
- આનાથી સ્પષ્ટીકરણમાં સંદિગ્ધતા  ઊભી થાય છે જેમકે ....
- કેટલાક,ઘણાં,થોડું,કદાચ,ખરીરીતે,લાગેછેકે,મોટે ભાગે , બાકીની કઇંક અંશે .... આવા શબ્દો સ્પષ્ટીકરણમાં અવરોધક નીવડે છે .

# સ્પષ્ટીકરણ કૌશલ્ય માટે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો

- વિધાનોની  રજૂઆત તાર્કિક ક્રમમા થવી જોઈએ .
- વિધાનના શબ્દો વિદ્યાર્થીઓથી સુપરિચિત હોવા જોઈએ .
- વિધાનની રજૂઆત માં પ્રવાહિતા જળવાવી જોઈએ .
- અધૂરા વિધાનો કે વિધાનોનું પુનરાવર્તન ટાળવું જોઈએ .
- સ્પષ્ટીકરણમાં બિનજરૂરી શબ્દો ય વિધાનોની ટાળવા જોઈએ .
- સ્પષ્ટીકરણ પૂર્ણ થયાનું સમાપન વિધાન દર્શાવવું જોઈએ .
- સ્પષ્ટીકરણમાં ચોકસાઇ અને સ્પષ્ટતા લાવવા કડીરૂપ શબ્દોનો યથા સમયે ઉચિત ઉપયોગ કરવો જોઈએ .

# THANK YOU